Extra No. 89

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬.ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૨૬/૦૩/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Administrative Service, Class I, the Gujarat Civil Service (Class I and Class II) and Gujarat State Municipal Chief Officers' Service (Combined Competitive Examination) Rules, 2025

ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર) ની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસ/૨૦૨૬/૦૩/બીઆરટી/૧૦૨૦૧૬/૧૦૫૦(૬૫૪૮૨૩)/કે:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત વહીવટી સેવા, વર્ગ ૧, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૫-માં, અનુસૂચિ-૧માં,-

(૧) વર્ગ ૧-ની જગાઓ એ શિર્ષક હેઠળ, અનુક્રમાંક ૮ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

"૯. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં નાયબ કમિશનર.".

(૨) વર્ગ ૨-ની જગાઓ એ શિર્ષક હેઠળ અનુક્રમાંક ૧૬ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

"૧૭. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં મદદનીશ કમિશનર;

૧૮. આદિજાતિ વિકાસ અધિકારી.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મેહુલ કે વસાવા,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.18 18:58:48 IST